## **નર્મદા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ૧૧ માસનાં કરાર આધારિત જગ્યા ભરવાની જાહેરાત**

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જિલ્લા કક્ષાની તેમજ તાલુકા કક્ષાની કચેરીઓમાં ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે નીચે મુજબની જગ્યાઓ માટે અરજી આવકાર્ય છે.

| ક્રમ | જિલ્લા/તાલુકા કક્ષા | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિકત મહેતાણું |
|---|---|---|---|---|
| ૧ | જિલ્લા કક્ષાએ | પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર | ૦૧ | રૂ. ૧૦,૦૦૦/- ફિક્સ |
| ૨ | તાલુકા કક્ષાએ | એમ.ડી.એમ. સુપરવાઇઝર | ૦૫ | રૂા. ૧૫,૦૦૦/-ફિક્સ |

મધ્યાહન ભોજન યોજનામાં જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને તાલુકા કક્ષાએ એમ.ડી.એમ. સુપરવાઇઝરની ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે પસંદગી કરવા માટે યોગ્ય લાયકાતો અને પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

અરજીફોર્મ, નિમણૂંક માટેની લાયકાત અને શરતો નાયબ કલેક્ટર મધ્યાહન ભોજન યોજના નર્મદાની કચેરીમાંથી મેળવી શકાશે.

નિયત નમૂનામાં જાહેરાત પ્રસિધ્ધ થયાના ૧૦ દિવસમાં અરજી રૂબરૂમાં સાદી ટપાલથી કે રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. નિયત સમયબાદ મળેલ અરજીઓ માન્ય ગણાશે નહિ.

અરજી કરતા પહેલાં ઉમેદવારે આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, અનુભવ અને નિમણુંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સુચનાઓ/માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી

આ જગ્યાઓ અંગેની પસંદગી યાદી નાયબ કલેક્ટર, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, કલેક્ટર કચેરી નર્મદા ની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. મેરીટમાં અગ્રતા મેળવેલ ઉમેદવારોના ઇન્ટરવ્યુ/પ્રમાણપત્રોની ચકાસણી માટે નાયબ કલેક્ટર મધ્યાહન ભોજન યોજના, નર્મદા દ્વારા લેખિત/ઇ-મેઇલ દ્વારા જણાવવામાં આવશે.

**નં.મ.ભ.યો./વશી/૩૦૫/૨૦૨૨**
**તા. ૧૦/૦૩/૨૦૨૨**

**-સહી-**
**નાયબ કલેક્ટર**
**મધ્યાહન ભોજન યોજના**
**નર્મદા-રાજપીપળા**

**(માહિતી/નર્મદા/૪૧૫/૨૦૨૧-૨૨)**